# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/**૧૮/ક્વા-૪/૧૯-૨૦/૧૬૫૦-૧ તા.૦૬.૦૩.૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૮/ક્વા-૪/૧૯-૨૦

અરજદાર: પીઠવા મીતેશભાઇ ભોગીલાલ ગામ -રાજકોટ **સબડીવીઝન:** ઉદ્યોગનગર રાજકોટ શહેર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી રાજકોટ શહેર-૨

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

તારીખ: ૦૪-૦૩-૨૦૨૦ (બુધવાર)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે-અરજદારશ્રીને સિક્યુરીટી ડીપોઝીટ રીફંડ માટે તા.૧૧.૧૨.૨૦૧૯ ના રોજ અરજી કરેલ છે તેમ છતાં સદર બાબતે ઉદ્યોગનગર પેટાવિભાગીય

કચેરી દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર ની લેખીત ફરિયાદ મુજબ રદ કરાવેલ વીજ જોડાણ નં.૩૧૫૦૧/૫૦૮૦૮/૩ ની સિક્યુરીટી ડીપોઝીટ રીફંડ નો ચેક નં ૩૫૨૧૯૯ તા.૦૬.૦૨.૨૦૨૦ ના રોજ અરજદારને આપેલ છે. આમ અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ પક્ષકાર તરફથી સુખદ નિરાકરણ કરી આપતા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૧૦.૦૨.૨૦ થી ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે **પેરા નં ૧.૦** અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ફરિયાદનું નિરાકરણ થતા - અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૧૦.૦૨.૨૦ મુજબ સદર બાબતે અરજદાર ને કોઈ રજૂઆત કરવાની રહેતી નથી.

૩.૧ **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય**, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(કે. જે. મોટાણી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |